2/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૨૪

વર્ષ-૪ • અંક -૪૪૦ • સળંગ અંક - ૧૪૩૭ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૭.૧૩.૧૩

સવંત - ૨૦૭૯

મહા વદ-૦૧, રવિવાર


તા. ૦૫-૦૨-૨૦૨૩

સૂર્યાસ્ત - ૦૬.૩૨.૦૮

**દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે.**

**'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ'**

www.kutchipatrika.org



**હાલાપુરના** **રમણીક નેણશી હરીયા** ઉ.વ. ૫૯, તા. ૨-૨-૨૩ના હાર્ટ એટેકથી અવસાન પામ્યા છે. મા. રતનબાઈ વેરશીના પૌત્ર. મીઠીબાઈ નેણશીના પુત્ર. હીનાના પતિ. સંજય, રેખા, કાજલના પિતા. ભોજાયના સુમીત મણીલાલ, કોટડી (મહા.)ના અંકિત ઝવેરચંદના સસરા. મોક્ષીતના નાના. મણીબેન, દમયંતી, રસીલાના ભાઈ. ડુમરાના ચંદુલાલ ટોકરશી, વિઢના વસનજી પ્રેમજી, કોટડી (મહા.)ના વિનોદ શીવજીના સાલ. રવજી, શાંતાબેન લાલજી, ભોજાયના પાનબાઈ નાગજીના ભત્રીજા. ડુમરાના દેમીબાઈ ખીંયશીના દોહીત્ર. હીરાવંતી ભવાનજી, લક્ષ્મીબેન હંસરાજ, હાંસબાઈ ખીમજી, સોનબાઈ કુંવરજી, કેસરબેન કેશવજી, વરંડીના હીરબાઈ જેઠુભાઈ, ભોજાયના લીલબાઈ ચનાભાઈના ભાણેજ. નાંગલપુરના મા. પાનબાઈ ભાણજીના પૌત્રીવર. નિર્મળા શાંતીલાલના જમાઈ. જીતેન્દ્ર, હંસા, અંજનાના બનેવી. મેરાઉના ચેતન મોરારજી, કોટડા અશ્વિન પ્રેમચંદના સાઢુ. નાંગલપુર લક્ષ્મીબેન કુંવરજી, બિદડાના કંચન રમણીકના ભત્રીજી વર. મો. આસંબીયાના મમીબાઈ વેલજીના દોહીત્રી વર. મણીબેન આણંદજી, વિમળા ધનજીના ભાણેજી વર. ભોજાયના લતા મણીલાલ તલકશી, કોટડી (મહા.)ના જ્યોતિ ઝવેરચંદ વાલજીના વેવાઈ. **ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી.** ઠે. રમણીક હરીયા, ૩/૩, લાલ બહાદુર દુબે ચાલ, શ્યામનગર, જોગેશ્વરી (ઈ.), મું. ૬૦. હીના-૯૦૦૪૪૮૧૪૨૨.

4/1/1 -------- (1-1)



**છસરાના** **શાંતીલાલ ઠાકરશી મોણશી ગંગર** ઉ.વ. ૬૨, ૨-૨-૨૩ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. સ્વ. જેતબાઈ ઠાકરશીના પુત્ર. ભાવનાના પતિ. ચંચળબેન, વિશનજી, પાનબાઈ, ચંદ્રાના ભાઈ. કપાયા હાલે છસરા ગાંગજી રવજી, વડાલા નાગજી રવજી, લાખાપુર કાંતીલાલ ડુંગરશીના સાલ. છસરા સ્વ. લક્ષ્મીબાઈ ભીમશી, લાખાપુર સ્વ. ભચીબાઈ હંસરાજના ભત્રીજા. ધનજી, જયંતી, ચીમન, પ્રફુલ, દેવકા, વેલબાઈ, જયા, પુષ્પા, ભાનુ, નયનાના કાકાઈ ભાઈ. મોખાના સ્વ. મમીબાઈ વીરજી ચનાના દોહીત્ર. પ્રેમજી, કાનજી, પદમશી, હેમરાજ, હંસરાજ, ટોકરશી, હરીલાલ, પુરબાઈ, રતનબાઈ, લાછબાઈના ભાણેજ. વડાલાના સ્વ. પ્રેમજી આસુના પૌત્રીવર. રૂક્ષ્મણી વિસનજી પ્રેમજીના જમાઈ. કાંતીલાલ પ્રેમજીના ભત્રીજી વર. રાજેશ, મનીષ, બેરાજા ચંદન ધીરજના બનેવી. નીતાના નણંદોઈ. રામાણીયા ઠાકરશી લખમશીના દોહીત્રી વર. હીના ભરત, નયના જયેશ, પુર્વી દીપેશ, નીપા, અલ્પા હીતેશના મામા. કીંજલ, ક્રીના, વિરાજ, રચેતા, આયુષના મોટા મામા. હીતેશ, ઉર્વીના માસા. વાર્મીના ફુઆ. **પ્રાર્થના રાખેલ નથી.** સદ્‌ગતની આત્માની શાંતિ અર્થે ૧૨ નવકાર ગણવા. ફોન આવકાર્ય. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. શાંતિલાલ ગંગર, રૂમ નં. ૨૦૮, મહાલક્ષ્મી બિ., તુલીંજ રોડ, નાલાસોપારા (ઈ.) ૪૦૧૨૦૯. મો. ભાવના-૯૩૨૨૪૭૬૨૦૬, ભરત-૯૩૨૨૦૨૨૯૯૦.

4/1/1 -------- (1-2)



**કપાયાના** **મીનાબેન શાહ (સંગોઈ)** ઉ. વર્ષ ૬૮, તા. ૨-૨-૨૩ના આકસ્મિક અવસાન પામ્યા છે. સોનબાઈ કાનજી લાધાની પૌત્રી. મણીબેન/હીરબાઈ પ્રેમજીની પુત્રી. કેશવજી, જેઠાલાલ, શાંતીલાલ, જયંત, સાકર, મધુ, જયશ્રીના બેન. નિર્મળા, રંજન, ચંદન, નિતાના નણંદ. ભોરારાના ગાંગજી મોણશી, ગેલડાના મનસુખ ઉમરશી, રાયણના રાજેશ રતીલાલના સાળી. બારોઈના જેવત ગાંગજી પટેલ, ગજોડના ઠાકરશી શીવજી પટેલની દોહીત્રી. પ્રીતી, ટીનુ, મનીષ, રાજેશ, જયેશ, જીજ્ઞેશ, પ.પૂ. ઋજુવાલીકાશ્રીજી, કેવલના ફુઈ. રૂપલ, અમીશા, મમતા, નાંગલપુરના કેકીન અમૃતલાલ, સમાઘોઘાના મનોજ લક્ષ્મીચંદના ફઈ સાસુ. અશ્વિન, નીતા, હરીતા, સ્વીટી, દેવાંગના માસી. ટીના, કપાયાના રસીક લખમશી, ગુંદાલાના સંકેત મુલચંદ, સાડાઉના મહેક નવિનના માસી સાસુ. હેત્વી, આદિતા, નેત્રમ, રીશાનના મોટા ફઈ. મયંક, નીકીતા, પ્રતિક, આર્યનના મોટા માસી.સંસાર પક્ષે પ.પૂ.શ્રી કેસરશ્રીજી મ.સા.ના (માસી) પૌત્રી. ડો. ઝાલા સાહેબના બહેનતુલ્ય. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. પ્રેમજી કાનજી, એ /૧૦૪, સ્નેહદિપ, એમ.જી.રોડ, ગોરેગાંવ (વે.), મુંબઈ-૪૦૦૧૦૪. મો.નં. ૯૮૧૯૩૩૨૩૪૬, ૭૯૭૭૨૪૦૬૨૨.

4/1/1 -------- (1-3)



**બારોઈના** **જાદવજી શીવજી મોના છેડા** ઉ.વ. ૯૦, તા. ૦૩-૦૨ના પુનામાં અવસાન પામેલ છે. મઠાંબેન શીવજીના પુત્ર. અનસુયાબેનના પતિ. શરદ, રશ્મી, રીટા, બિંદુના પિતાશ્રી. નીના, ઉમેશ, ભરત, પરેશના સસરા. અંકિત, જીનલના દાદા. વિરેન, મીત, દીપ, દેવાંગના નાના. રોહનના દાદા સસરા. કલ્યાણજીના ભાઈ. કસ્તુરના જેઠ. વીણા, ચેતન, રેખા, કોરશી, પંકજના કાકા. શામજી, કેશવજી, ભુજપુર વેલબાઈ હીરજીના ભત્રીજા. બારોઈ પાનબાઈ ભાણજી મોણશીના જમાઈ. કાંતીલાલ, હરખચંદ, રમેશ, લાખાપુર હેમકુંવર ડુંગરશી ઘરોડ, બેરાજા ભારતી ભવાનજી ધનાણી, કોડાય ભાનુ મણીલાલ ગડા, પત્રી દમયંતી રાઘવજી ગાલાના બનેવી. અમૃત, રીટાના નણંદોઈ. મોખાના પાનબાઈ રતનશીના દોહીત્ર. પુનડી વિમળા ખીમજી દેઢીયા, દેશલપુર ચંચળબેન લાલજી શાહ, દેશલપુર લક્ષ્મી હીરજી વીરા, ફરાદી નિર્મળા ચુનીલાલ ગાલાના વેવાઈ. વિદ્યા ગુરૂદત્ત કાળેના મોટા વેવાઈ. ભુજપુર રામજી, પદમશી, કલ્યાણજીના મામાઈ ભાઈ. ભુજપુર લક્ષ્મી ખીમરાજ ધના, બેરાજા શાંતા શામજી કુંવરજી, ભુજપુર કસ્તુરબેન હરશી દેઢીયાના કાકાઈ ભાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. શરદ જાદવજી છેડા, જી-૮૦, ઈન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષ, ૫૮૯, રાસ્તા પેઠ, પુના-૪૧૧૦૧૧. શરદ-૯૯૨૨૧૧૧૫૩૨, અંકિત-૯૯૨૨૧૧૭૨૭૨.

4/1/1 -------- (1-4)

### બેરાજા- શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન સંઘ - બેરાજા જયાબેન વિશનજી પાલણ મારૂ -બિદડા

અચલગચ્છ શણગાર કચ્છ કેશરી ગચ્છાધિપતિ પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરિભ્યો નમઃ વરસીતપ આરાધક શ્રી કંચન સાગરજી મ.સા.ની નિશ્રામાં ૮મી વર્ષગાંઠ ઉજવવા સર્વ સાધારણમાં રૂા. ૬૧,૦૦૦/- હજારની ઉપર રૂા. ૧૦,૦૦૦/- હજારની ઓફર ખુલ્લી રાખવામાં આવી છે જે કોઈ ભાગ્યશાળી લાભ લેવા ઈચ્છતા હોય તેમણે કિશોરભાઈ : 9967417476, નવીનભાઈ : 8879915158 તથા જવેરબેન (ભાણબાઈ) -6355148672 ઉપર સંપર્ક કરવા વિનંતી. જે ભાગ્યશાળી લાભ લેશે તેમને મૂળ નાયકની ધજા લહેરાવવાનો લાભ મળશે તેમજ તે પરિવારને આરતી-મંગળદિવાનો લાભ ફ્રીમાં આપવામાં આવશે. ત્રિહાન્હિકા ધજા મહોત્સવ તા. ૧૦-૧૧-૧૨/૬/૨૩ ના દિવસે ધજા લહેરાવવામાં આવશે. તો તા. ૯/૬/૨૩ના મુંબઈથી સયાજી નગરી (દાદર)માં પ્રયાણ કરવામાં આવશે માટે નીચે આપેલ સેંટર પર વહેલામાં વહેલી તકે નામ નોંધાવવા વિનંતી. મોબાઈલ તથા ફોન નંબર પર નામ સ્વીકારવામાં નહીં આવશે. તેની ખાસ નોંધ લેશોજી. રૂા. ૫૦૦/- ભરી નામો લખાવવા વિનંતી. બેરાજા પહોંચ ૨૦૦/- રૂા. રીફંડ આપવામાં આવશે. રેલ્વે ટિકીટના દાતા પરિવાર મળી જશે તો ટિકીટ ફ્રી કરવામાં આવશે. (૧) આર્ટ - વ્યુ, રણજીત સ્ટુડિયો દાદર (ઈ.) (૨) G-20 કેલકર રોડ, ડોંબિવલી (ઈ) (૩) નવીન છેડા J/502, નવનીત નગર, ડોંબિવલી (ઈ.) ખાસ નોંધ : શ્રી સંઘને શ્રી બેરાજા ૮ કોટી નાની પક્ષ તરફથી દિક્ષાની આમંત્રણ પત્રિકા આવેલ છે. માટે ધર્મ-પ્રેમી શ્રાવક-શ્રાવિકાને દિક્ષાનો આમંત્રણ સ્વીકારી સ્થાનિકે જવા વિનંતી. લી. બેરાજા શ્રી વા.પુ.સ્થા. જૈન સંઘ વતિ ટ્રસ્ટી શ્રી હરખચંદ ભાઈ શામજી કકકા, પ્રમુખ કિશોરભાઈ હિરજી મામણીયા. સ્થાનિક પ્રમુખ જવેરબેન (ભાણબાઈ) જાદવજી સાવલા, ખજાનચી નવીનભાઈ ખીમજી છેડા.

2/1/1(2) -------- (A-20759)(1-5)

### સંયમના અનુરાગી બેરાજાના ભાવ દિક્ષિત પ્રિયંકભાઈને અનુમોદના

બે-રાજા : ધર્મરાજા-કર્મરાજા...આપ કર્મરાજને અળગો કરી, ધર્મના તાજને મસ્તકે ધરી, મહાવીરના શાસનમાં તા. ૨૨ ફેબ્રુ. ૨૩ના પ્રવેશ કરશો. નમી રાજર્ષિએ કહ્યું કે મારુ છે તે બળતું નથી અને સંસાર તજી ગયા. એમના જ પંથે પ્રયાણ આપનું : લક્ષ ચોર્યાસીના ફેરાના છેડાને પ્રાપ્ત કરો. શ્રી આઠ કોટી નાની પક્ષના શ્રી ગુરૂવર શ્રી સાત આચાર્ય ભ. મુલચંદજી સ્વામીના સાનિધ્યમાં રહીને ગુરૂકૃપાને તહત કરી. સંસારથી ઉદાસીન બની. રાગીમાંથી વિતરાગી બની, અલ્પજ્ઞાનીમાંથી કેવળ જ્ઞાની બનો. પંચમ પદને પ્રાપ્ત કરો. આત્માને પરમાત્મા બનાવી આ માનવ ભવ આ અમુલ્ય તકને સાર્થક કરો છેડા પરીવાર આપને અંતઃકરણથી સહર્ષ અનુમોદના કરીએ છીએ. નાની : ધનવંતી રમણીકલાલ મેઘજી છેડા, મામા-મામી : ગુંજન હીતેશ છેડા, ભાઈ : જેનમ-દર્શન છેડા

4/1/1(25) -------- (A-20800)(1-6)

## મહિલા સંસ્થા સમાચાર

### કચ્છી મહીલા ફેડરશેન, ૨૮ ફેબ્રુઆરી ન્યારી નારી રત્નોત્સવ એવોર્ડ

૩૪માં વર્ષમાં પ્રવેશે. સ્થાપના દિન, વિશ્વ મહીલા દિનની ઉજવણી એ નોખો કાર્યક્રમ.

- Sports માં INTERNATIONAL / NATIONAL ACHIEVERS ૧૮ વર્ષથી ઉપરની યુવતીઓ, બહેનોનું સન્માન.
- મીલેટ્રી, આર્મી, નેવી, લશ્કરમાં વિવિધ હોદાઓ ઉપર કાર્યરત તેમ જ ઉડ્ડયન ક્ષેત્રે - પાયલોટ, એર હોસ્ટેસ બન્યા હોય તેવી સમાજની યુવતીઓ, બહેનોનું સન્માન.
- આપની પુર્ણ વિગત (નામ, ગામ, મેળવેલ સિધ્ધી, પદની વિગત, એડ્રેસ, ફોન, મોબાઈલ નંબર) જ્યોતિ સાવલા, નીલપરી એડ., ૭/૧૬૦, કમલ કુંજ બિ., જૈન સોસાયટી, સાયન (વે.), મું. ૨૨ મધ્યે કુરીયર દ્વારા તા. ૧૩ ફેબ્રુ. સુધી મોકલાવવા વિનંતી.
- નોંધ : વર્તમાન તથા ભૂતપૂર્વ કમીટી તેમજ અગાઉ સન્માનીત થયેલ બહેનો આમાં ભાગ નહીં લઈ શકે. લિ. મંત્રીઓ.

4/1/1(34) -------- (A-20823)(1-7)

### શ્રી કપાયા સખી વૃંદ પીકનીક દાની રીસોર્ટ

મંડળ આયોજીત વન ડે પીકનીક દાની રીસોર્ટમાં જવા સહુ સખીઓ તૈયાર થઈ જાવ સાથે મળી સહુ વોટર સ્લાઈડ, સ્વીમીંગ પુલ તેમજ અન્ય સ્લાઈડોનો આનંદ માણવા અને ભાવતા ભોજનની મજા માણવા આપના નામ નીચેના નંબર પર જલ્દીથી રજીસ્ટર કરાવવા.

- પીકનીક દિવસ : તા. ૧૦-૨-૨૦૨૩, શુક્રવાર.
- લીમીટેડ સંખ્યા લેવાની હોવાથી આપના નામ ૨ દિવસની અંદર બુક કરાવવા. મંડળની મેમ્બર બહેનો માટે રૂા. ૧૨૦૦/- તેમજ ગામની જ અન્ય નોન મેમ્બર બહેનો, નિયાણી બહેનો તેમજ બાળકો માટેનો ચાર્જ રૂા.૧૫૦૦/- રાખવામાં આવેલ છે. નામો લખાવવા સંપર્ક : વિણાબેન ભુમેશ સંગોઈ-9867746165, નેહાબેન ચેતન સંગોઈ-9820917797. લિ. શ્રી કપાયા સખી વૃંદ.

4/1/1(41) -------- (A-20828)(1-8)

સુધારો : શુક્રવાર, તા. ૩ ફેબ્રુઆરી અ.સૌ. મધુ વસંત દેઢીયા (બગડા) ના ફુલ પાના નં. ૧૫માં સંસાર પક્ષે માસીયાઈ નણંદ પ્રવર્તીની બાલ બ્રહ્મચારી પ.પૂ.અનિલાબાઈ મહાસતીજી (લીંબડી અજરામર સંપ્રદાય) ઉમેરીને વાંચવા વિનંતી. નાની-નાના : માતુશ્રી હીરબાઈ કુંવરજી રામજી સતીયા-નાની તુંબડી સુધારીને વાંચવા વિનંતી. ભૂલ માટે ક્ષમાયાચના. લિ. પરીવારજનો.

4/1/1(35) -------- (A-20822)(1-9)

# સંસ્થાકીય મિટીંગ

## હાલાઈ લાલન ભાવિક સંદેશ
## વાર્ષિક જનરલ સભા બાબત

કચ્છ ગામ ગોધરા મુકામે બિરાજમાન પૂજ્ય કુળદેવી શ્રી અંબઈ માં ને નમતા સર્વ હાલાઈ લાલન ભાવિકો જોગ... તા. ૨૬-૨-૨૦૨૩ને રવિવાર શ્રી અંબઈ માંની સમુહ પહેડી પુર્ણ થયા બાદ તે જ સ્થળે બપોરે ૨.૩૦ કલાકે શ્રી અંબઈ માં હાલાઈ લાલન ભાવિક મંડળની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ છે જેની સૌ ભાવિકોએ નોંધ લેવા નમ્ર વિનંતી.

● વાર્ષિક સામાન્ય સભાની રૂપરેખા નીચે મુજબ રહેશે.

● ગત સભાની મિનીટસ્નું વાંચન અને બહાલી.

● વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટે ઓડીટેડ હિસાબોની રજુઆત અને મંજુરી.

● વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે ઓડીટરની નિમણુંક.

● મંડળના અહેવાલની રજુઆત

● પ્રમુખ સ્થાનેથી રજુઆત થાય તે.

● ખાસ નોંધ : (૧) જોગાનુજોગ સમુહ પહેડીના દિવસે જ તે હોલ બપોર બાદ પણ આપણને મળી રહ્યો છે અને પહેડીના દિવસે સર્વે ભાવિકો પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત હશે તેને અનુલક્ષીને સમુહ પહેડીના દિવસે જ વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ છે. (૨) કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ તેજ સ્થળે ફરીથી બોલવવામાં આવશે અને તેમાં થયેલ કાર્યવાહી બંધારણની જોગવાઈ મુજબ કાયદેસરની ગણાશે. (૩) સંસ્થાના હિસાબના ચોપડા સંસ્થાની ઓફીસમાં તા. ૧૮-૨-૨૦૨૩ તથા તા. ૧૯-૨-૨૦૨૩ ના બપોરના ૩.૦૦ કલાકે થી ૫.૦૦ કલાકે સુધી ખુલ્લા મુકવામાં આવશે. જેની સૌ ભાવિકોએ નોંધ લેવા નમ્ર વિનંતી. જો કોઈ પણ ભાવિકને હિસાબ અંગે પ્રશ્ન હોય તો તેની લેખિત અરજી મંડળની ઓફીસમાં આપી જવી. તેનો ખુલાસો સામાન્ય સભા દરમ્યાન કરવામાં આવશે. (૪) મિટીંગમાં અગત્યની ચર્ચા કરવાની હોવાથી ઘર દીઠ એક વ્યક્તિ હાજર રહેવું જરૂરી છે. મુંબઈ કાર્યાલય : આઝાદ સ્ટોર્સ, ટોકરશી જીવરાજ રોડ, શિવડી (વે), મુંબઈ.

● લી. શ્રી અંબઈ માં હાલાઈ લાલન ભાવિક મંડળ વતી માનદ્ મંત્રી :- શ્રી જયંતીલાલ દામજી લાલન-કોડાય.

4/1/1(38) -------- (B-20815)(2-1)

## પત્રિકા જાહેરાત, ડી.ટી.પી. માટે-દેવ ગ્રાફિક્સ

વાગડ તેમજ ક.વી.ઓ. ખબર પત્રિકામાં કાવ્યમય લખાણ, આકર્ષક લે આઉટ, કલિયર ફોટોસ્ સાથે આપની નાની મોટી કોર્મશિયલ, અભિનંદન, શ્રદ્ધાંજલિ, લગ્નતિથી, પહેડીની જાહેરાત પ્રુફ બતાવી મોકલી આપશું.

● વોટસએપ પર આમંત્રણ, કલરફુલ ફ્લેક્સ બેનર / વિનાઈલ, સન્માન પત્ર, વેવાઈ કંકોત્રી સુંદર લખાણ અને આકર્ષક લે આઉટ સાથે મળશે. સંપર્ક : દેવચંદ કે. છેડા (કાંડાગરા) દેવ ગ્રાફીક્સ, દાદર (વે.), મો.: 9323842828.

2/1/1(40) -------- (B-20831)(2-2)

## શ્રી જગડુશાનગર અચલગચ્છ જૈન સંઘ
## 'સામાન્ય સભા'

શ્રી જગડુશા નગર શ્વે.મૂ.અચલગચ્છ જૈન સંઘની 'સામાન્ય સભા' રવિવાર, તા. ૨૬-૨-૨૩ના સવારનાં '૧૦' વાગે ઉપાશ્રય હોલમાં મળશે. એજન્ડા :

● (૧) ગત મીનીટસનું વાંચન અને બહાલી.

● (૨) તા. ૧-૪-૨૧ થી તા. ૩૧-૩-૨૨ના ઓડીટ થયેલ અને કારોબારીએ મંજુર કરેલ હીસાબો રજુ કરી બહાલી મેળવવા.

● (૩) ૨૦૨૨-૨૦૨૩ના વર્ષ માટે ઓડીટરની નિમણુંક કરવા.

● (૪) તા. ૧-૪-૨૦૨૩ થી તા. ૩૧-૩-૨૦૨૯ 'છ' વર્ષ માટે ટ્રસ્ટીઓની ચુંટણી/નિમણુંક કરવા.

● (૫) તા. ૧-૪-૨૩ થી તા. ૩૧-૩-૨૦૨૬ '૩' વર્ષ માટે કારોબારીના '૧૧' સભ્યોની ચુંટણી/નિમણુંક કરવા.

● (૬) પ્રમુખ શ્રીની મંજુરીથી રજુ થાય તે.

● ટ્રસ્ટી/કારોબારી માટે સંઘમાં સેવા આપવા ઈચ્છતા સભ્યોએ પોતાની ઉમેદવારી પત્રક સ્વ અક્ષેરે તા. ૧૧-૨-૨૦૨૩ થી તા. ૧૩-૨-૨૦૨૩ સુધી પેઢીના સમય દરમ્યાન પેઢીમાં આપવા. ઉમેદવારી તા. ૧૭-૨-૨૦૨૩ સુધી પાછી ખેંચી શકાશે. જરૂરત હશે એ પ્રમાણે ચુંટણી/નિમણુંક તા. ૨૬-૨-૨૦૨૩ના સામાન્ય સભામાં થશે.

● ઓડીટ થયેલ ચોપડા (હિસાબ) જોવા માટે તા. ૧૩-૨-૨૩ અને ૧૪-૨-૨૩ પેઢીના સમય દરમ્યાન ખુલ્લા મુકવામાં આવશે. કોઈ પણ સુચન હોય તો લેખીતમાં આપવા વિનંતી. નોંધ : કોરમના અભાવે મુલત્વી રહેલ સભા ૦|| કલાક બાદ એ જ સ્થળે મળશે અને એમાં થયેલ કાર્યવાહી બંધારણીય ગણાશે. કામકાજ ખુબ જ અગત્યનું હોવાથી સભ્યોએ બહોળી સંખ્યામાં પધારવા વિનંતી લિ. મંત્રીઓ.

4/1/1(27) -------- (A-20798)(2-3)

## (JYF) જૈન યુથ ફોરમ
## સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે દિવસમાં બે કલાક મોબાઈલનો ત્યાગ કરીશ. (અનાર્થાદંડથી બચવા માટે)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

● વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.

● JYF હેલ્પલાઈન નંબર 8591438983.

● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(28) -------- (A-20797)(2-4)

## પૂ. જિતગુરૂનો સંભવિત વિહાર

ક.આ.મો.પ.ના કચ્છ કેસરી પૂ.આ. પૂનમચંદ્રજી મ.સા.ના શિષ્ય જીવદયા પ્રેમી પૂ. ગુરૂદેવ જિતેન્દ્ર મુનિ તા. ૫ને રવિવાર ડોંબીવલી (વે.) તા. ૬-૭ને ગુરૂ માઉલી પાર્શ્વગચ્છ ઉપાશ્રય તા. ૯-૧૦ મહાવીર સ્થાનક તા. ૧૧ના પાંડુરંગવાડી અજરામર સ્થાનક દર્શનાર્થે પધારો. પૂ. આ. પૂનમ ગુરૂદેવનો સદા જય હો. માહીતી માટે ફોન કરો. મો. ૯૧૬૭૧૪૧૨૬૩ સેવાભાવી રમેશ. લિ. ગુરૂભક્તો.

4/1/1(20) -------- (A-20788)(2-5)

## શ્રી હાલાપુર મહાજન અને શ્રી કચ્છ હાલાપુર દુષ્કાળ રાહત સમિતિ જનરલ સભા

સન ૨૦૨૧-૨૦૨૨ની જનરલ સભા તા.૨૬-૦૨-૨૩, રવિવાર, બપોરે ૩:૩૦ કલાકે શ્રી માટુંગા ગુજરાતી સેવા મંડળ, ૩૯૬, તેલંગ રોડ, ફૂલ ગલી, માટુંગા પોસ્ટ ઓફિસની બાજુમાં માટુંગા (સે.રે.) મું- ૧૯ મધ્યે રાખેલ છે. શ્રી કચ્છ હાલાપુર દુષ્કાળ રાહત સમિતિની મિટિંગ બપોરે ૩.૩૦ કલાકે છે, એના અડધા કલાક પછી શ્રી કચ્છ હાલાપુર વિ. ઓ. દે. જૈન મહાજનની જનરલ સભા રાખવામાં આવેલ છે.

● એજન્ડા :

● (૧) ગત વર્ષની મિનિટસનું વાંચન

● (૨) વર્ષ ૨૦૨૧- ૨૦૨૨ ના વર્ષના ઓડિટ થઈને આવેલ હિસાબોની રજુઆત અને બહાલી

● (૩) વર્ષ ૨૦૨૨-૨૦૨૩ માટે ઓડિટરની નિમણુંક

● (૪) સંજીવની સહાય તેમજ એજયુકેશન સહાય અહેવાલ

● (૫) પર્યુષણ પર્વ નો અહેવાલ

● (૬) નુતન દેરાસર માટેની ચર્ચા

● (૭) આવાસ યોજનામાં જેમને નામ લખાવવા હોય તેઓએ તારીખ ૧૫ ફેબ્રુઆરી સુધી શ્રી મહાજનના કાર્યકર્તાઓને નામ લખાવી દેવા. હેમંત કારાણી. ૯૮૧૯૦૬૩૫૧૫, ધીરજ મારૂ-૯૮૧૯૮૧ ૨૮૦૧

● (૮) અન્ય જે કાંઈ પ્રમુખ સાહેબની રજાથી રજુઆત થાય તે. કોરમના અભાવે મુલતવી રહેલ સભા ૩૦ મિનિટ પછી એજ સ્થળે મળશે અને એમાં થયેલ કાર્યવાહી માન્ય ગણાશે. લિ. : શ્રી હાલાપુર મહાજનવતી પ્રમુખશ્રી ઝવેરચંદ દામજી હરીયા ના જય જિનેન્દ્ર

2/1/1(39) -------- (A-20832)(2-6)

## છસરાના ગંગર અને ગોગરી પરિવાર વતી ૠણ સ્વીકાર- આભાર - સહક્ષમાપના

છસરા ગામના અમારા પૂ. શાંતિલાલ ઠાકરશી ગંગર હાલે નાલાસોપારાની નાદુરસ્ત તબીયત દરમ્યાન સારવાર દરમ્યાન અને અવસાન બાદ અંતિમ યાત્રાથી લઈને દરેક વ્યવસ્થામાં ખડે પગે સેવા આપનાર ડો. ચેતન શાહ, નિપુલ ગંગર, દિલીપ ગાલા, સંદિપ છેડા, પ્રફુલ ગાલા, સુનીલ ગાલા, સતીષ ગાલા, કલ્પેશ ગોગરી, નિકુંજ નિશર, આકાશ નિશર, નિલેશ-રાજેશ દેઢીયા, ભરત છેડા, ધૈર્ય શેઠિયાનો વિશેષ આભાર તથા સગા સંબંધી, સ્નેહીજનો, મિત્રો, ગામ વાસીઓ, મોહન નિવાસ અને મહાલક્ષ્મી બિલ્ડીંગના રહેવાસીઓનો ૠણ સ્વીકાર સહ નમ્ર આભાર. આ વિકટ ક્ષણોમાં અમારા દુઃખમાં સહભાગી થનાર સર્વેનો ગંગર અને ગોગરી પરિવાર ૠણી છે. જાણતા અજાણતા કોઈ ભૂલચૂક થઈ હોય તો ક્ષમાયાચના. લિ. ભાવના શાંતીલાલ ગંગર, હીના ભરત ગોગરી.

2/1/1(42) -------- (A-20835)(2-7)

## વીરા ટૂર્સ

દુબઈ સાથે આબુધાબી ૮૫,૦૦૦/- એરફેર - વીઝા સાથે, થાઈલેન્ડ - બેંગકોક ૫૦,૦૦૦/- એરફેર - વીઝા સાથે, કાશ્મિર- ૨૦,૦૦૦/-, હિમાચલ - ૨૦,૦૦૦/-, શિમલા -કુલુ-મનાલી - ૧૨૦૦૦/-, દિલ્હી - આગ્રા, વૃંદાવન -મથુરા - ૧૦,૦૦૦/-, ઉત્તરાખંડ -૧૫૦૦૦/- બીજી ઘણી બધી Customized Tour. Contact : ગૌત્તમ વીરા : 9920063964, 9372616805.

2/1/1(32) -------- (B-20827)(2-8)

## ગોસર ગોસરાણી નુખના શ્રી દાદલ માની પહેડીમાં સહયોગી લાખેણા દાતાઓનું અભિવાદન

લાખેણા દાતાશ્રીઓને પ્રાપ્ત થનાર લાભનો ડ્રો આજ સાંજે સ્થાનિકે સાંજની આરતી દરમ્યાન ૮.૦૦ કલાકે કરવામાં આવશે. જેનું ફેશબુકમાં લાઈવ પ્રસારણ નીહાળી શકાશે.

● તા. ૨૬.૦૨.૨૦૨૩ને રવિવારે 'હાલારી વાડી દાદર (ઈસ્ટ) આયોજીત ગોસર ગોસરાણી નુખના વંદનીય કુળદેવીશ્રી 'દાદલ મા'ની 'સમુહ પહેડી' નાં આયોજનમાં ઉદાર દિલે અને 'મા' પ્રત્યે અસિમ ભક્તિ / શ્રધ્ધા ભાવ સાથે 'લાખેણા દાતા' બનીને સહયોગ આપનાર (અત્રે દર્શાવેલ) ભાગ્યશાળી પરિવારની ભુરી ભુરી અનુમોદના- અભિવાદન- અભિવંદના. 'મા'ની આપના ઉપર સદાય કૃપા વરસતી રહો અને જીવનમાં લીલા લહેર હોજો એજ શુભકામના.

● સંઘમાતા હેમલતાબેન ભવાનજી રાયશી ગોસર (દેવપુર / માટુંગા)

● માતુશ્રી કંચનબેન રમેશચંદ મેઘજી ગોસરાણી (ગોઈજ / મુલુન્ડ)

● શ્રીમતી ઉર્મિલાબેન ઉમરશી મેઘજી ગોસર (રતાડીયા મોટા / અંબરનાથ)

● શ્રીમતી જ્યોતી પરેશ ખીમજી ગોસર (મંજલ રેલડીયા /મુલુંડ) હ. ચાર્મિ અ.સૌ. પ્રિયલ તેજશ છેડા (માપર)

● માતુશ્રી હીરબાઈ ખીમજી જાદવજી ગોસર પરિવાર (વિઢ/ થાણા)

● માતુશ્રી કુંવરબાઈ કુંવરજી રવજી ગોસર પરિવાર (ચિયાસર / ડોંબીવલી)

● માતુશ્રી વિજયાબેન હંસરાજ ખીમજી ગોસર (કોટડી મહાદેવપુરી / બોરીવલી)

● શ્રીમતી જ્યોતિ દિનેશ વેલજી લખમશી ગોસર (ડુમરા- મુલુન્ડ) હ. નિરાલી ધવલ ગોસર - જીલ સુમિત નાગડા (જખૌ)

● માતુશ્રી જેઠીબાઈ દેવજી રવજી ગોસર (ડુમરા/ મલાડ) હ. તલકશી દેવજી ગોસર

● માતુશ્રી રતનબેન ઉમરશી રવજી ગોસર (ડુમરા / ભાયખલા)

● માતુશ્રી જયાબેન વિશનજી રવજી ગોસર (મોટા રતાડિયા / વડાલા), હ. સમય, પ્રિતી ચંદ્રેશ ગોસર

● માતુશ્રી બાંયાબાઈ મુલચંદ જાદવજી ગોસર (વિઢ / થાણા) હ. વાલેરી ચિરાગ વોરા (નવાવાસ).

● માતુશ્રી કંકુબેન આશારીયા લાલજી ગોસર (પરિવાર) (ડુમરા / કાંદીવલી)

● નોંધ : પહેડીના સ્થળે 'નવકારશી'ની વ્યવસ્થા સવારના '૯' વાગ્યા સુધી રહેશે.

● લી. સંઘ વતી ખુશાલ કુંવરજી ગોસર (ચિઆસર) ૯૮૧૯૯૮૪૪૮૪, હીરજી લાલજી ગોસર (ડુમરા) ૯૮૨૦૬૩૮૯૫૦, વસંત રતનશી ગોસર (વિઢ) ૯૮૨૧૦૫૧૩૨૭ જય માતાજી, જય દાદલ મા.

2/1/1(23) -------- (B-20803)(2-9)

## શ્રી કચ્છ કોડાય જૈન મહાજન (મુંબઈ) 'વડીલ વંદના' રવિવાર, પાંચ માર્ચ


**કોડાયવાસીઓને મળવાનો ફરી એક અવસર. શ્રી કચ્છ કોડાય જૈન મહાજન (મુંબઈ) દ્વારા પાંચ માર્ચ, રવિવારે બપોરે ૩.૩૦ કલાકેથી 'વડીલ વંદના' નો કાર્યક્રમ શ્રી માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘ નારાણજી શામજી વાડી મધ્યે યોજવામાં આવી રહ્યો છે. તારીખ, સમય, સ્થળ આપના કેલેન્ડરમાં નોંધી લેશો. વધુ વિગતો પછીથી પત્રિકા દ્વારા જણાવાશે. લિ. મંત્રીઓ.**

4/1/1(6) -------- (A-20830)(2-10)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# શ્રી કચ્છી વીસા ઓશવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ

૨૨૬-૨૩૨ નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, જૈન દેરાસર, મુંબઈ-૪૦૦૦૦૯. ફો. ૦૨૨-૨૩૪૭૫૧૩૩ / ૨૩૪૫૫૪૬૪



જિનશાસનમાં શાશ્વત તીર્થ શત્રુંજયતીર્થનો મહિમા અપરંપાર છે. મનના ભાવથી આ તીર્થ ભૂમિ ઉપર આવનારા ત્રીજાભવે સિધ્ધ થાય છે એમ મહાપુરૂષો કહે છે. આવા આ શાશ્વત તીર્થ ધરા પાલીતાણાની ભૂમિ ઉપર શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન-મુંબઈ સંચાલિત 'કચ્છી ભવન' ના પ્રાંગણમાં નિર્માણ પામી રહેલા

## 'જયા મારૂ ભવન'

સકુલનું બાંધકામ પુરજોશમાં ચાલુ છે.
ગ્રાઉન્ડ + ૩ માળના આ મકાનને નામ આપવાની શરતે હરહંમેશા મહાજનશ્રીના પીઠબળ એવા ઉદારદિલ દાતા પરિવાર ગામ બિદડાના

**સંઘમાતા જયાબેન વિશનજી પાલણ મારૂ**

એ માતબર રકમનું દાન આપી મહાજનશ્રીના પ્રકલ્પમાં પીઠબળ બન્યા.



**સંઘમાતા જયાબેન વિશનજી પાલણ મારૂ પરિવારની ખુબ ખુબ અનુમોદના**

## આ છે 'જયા મારૂ ભવન'ની ઝલક



ગ્રાઉન્ડ ફ્લોરમાં ૪૦૦૦ સ્કે. ફીટનું અત્યાધુનીક સુશોભીત 'જયા મારૂ આરાધના હોલ'

- લીફ્ટની સગવડ
- ૨૪ કલાક ગરમ પાણીની સગવડ
- પીવા માટે આરોનું શુધ્ધ પાણી

સંપૂર્ણ રાચરચીલા સાથેના પ્રત્યેક માળે ૯ એસી રૂમો એમ ત્રણ માળા ઉપર કુલ ૨૭ રૂમો

આહવાહન : અપીલ : નિર્માણ પામી રહેલાં આ ભવનના કુલ ૨૭ રૂમો તથા ૧ લીફ્ટ ને દરેકને નામ આપવાની શરતે મહાજનશ્રી દ્વારા રૂા. ૧૧૦૦૦૦૦/- (રૂપિયા અગિયાર લાખ)ના દાનની સ્કીમ જાહેર કરવામાં આવી હતી જેને ખુબ સુંદર પ્રતિસાદ મળ્યો છે. ૧ લીફ્ટ તથા ૯ રૂમો માટેના દાતા આવી ગયા છે હજુ ૧૮ રૂમોના દાતા આવકાર્ય છે.
મહાજનશ્રી સાથે આપનું, આપના વડિલોનું નામ જોડી શત્રુંજય મહાતીર્થની પાવનભુમી ઉપર પુણ્ય ઉપાર્જન કરવાની આ તક ચુકતા નહિં.

:: દાન તથા વધુ વિગત માટે સંપર્ક ::

| | | | |
|---|---|---|---|
| શ્રી નવિન ઉમરશી ગંગર<br>મો.: 9920603345 | શ્રી નરેન્દ્ર વિસનજી કુરીયા<br>મો.: 9833402233 | શ્રી લહેરચંદ હંસરાજ મસાલાવાલા<br>મો.: 9892066662 | CA અશોક લખમશી છેડા<br>મો.: 9892344345 |

લિ. માનદ્ મંત્રીઓ

**શ્રી લંકીવાળા યક્ષ બૌંતેરા ભાવિક સંઘ (મુંબઈ)**

'ધામધુમથી ઉજવાઈ ગયો પહેડીનો પ્રસંગ, ભાવિકોના હૈયે લાગી ગયો દાદાની ભક્તિનો રંગ' રવિવાર, તા. ૨૯-૧-૨૩ના શુભ દિને ચીંચબંદર મહાજનવાડી દાદામય બની ગઈ. શ્રી લંકીવાળા જખ્ખદાદાની ૨૫મી (રજત જયંતી) પહેડી ભવિકોની ઉત્સાહજનક ખૂબ જ સારી હાજરી સાથે રંગેચંગે ઉજવવામાં આવી. સવારથી જ ભાવિકોની ખુબ જ સારી સંખ્યામાં પધરામણી થતી રહી. પહેડીના દાતાશ્રીઓ તરફથી આ રજત જયંતિ પહેડીના સંભારણા રૂપે ખૂબ સુંદર દાદાની પ્રતિકૃતિ તથા મહામંત્ર કંડારેલ ચાંદીનો સિક્કો દરેક ભાવિક પરીવારને ઘર દીઠ યાદગીરી રૂપે આપવામાં આવેલ અને સાથે દરેક ભાવિકોને આકર્ષક બોલપેન ભેટ આપવામાં આવી. કચ્છમાં પણ શ્રી જખ્ખ દાદાના લંકી સ્થાને આપણાં ભાવિક શ્રી ભાવિન જયંતીલાલ ભેદાના હાથે દાદાને પહેડી ધરાવવામાં આવી અને ગાયોને લીલોચારો નાખવામાં આવેલ. દાદાના સ્થાને અત્યાર સુધીમાં થયેલ અનેક કાર્યોમાં જેમનો સાથ સહકાર મળ્યો છે એવા ઉદાર દિલ દાતાઓનું સંસ્મરણ કરી અનુમોદના કરવામાં આવેલ. પોતાના અમુલ્ય સમયમાંથી પણ દાદાના દરેક કાર્ય માટે સમય ફાળવી તન-મન-ધનથી જેમનો સહકાર મળતો રહ્યો છે એવા દાદાને સમર્પિત ભાવિકોનું શ્રી મોટી ખાખર ભેદા પરીવાર તરફથી બહુમાન કરવામાં આવેલ. તેમજ નામી અનામી સર્વે દાદા સમર્પિત કાર્યકરોની પીઠ થાબડી ઉત્સાહ વધારવામાં આવેલ. પહેડીમાં બહોળી સંખ્યામાં ભાવિકો હાજર રહી દાદાના દર્શન, આશીર્વાદ, ભક્તિ અને પ્રસાદનો લાભ લીધો. આગામી ૨૬મી, ૨૭મી, ૨૮મી, ૨૯મી અને ૩૧મી પહેડી કરાવવાનો લાભ લેવા ભાગ્યશાળીઓએ વચનબધ થયા. ૩૦ મી પહેડી માટે કોઈ ભાગ્યશાળીને ભાવના હોય તો આવકાર્ય છે. અમો આભારી છીએ...આ પહેડીનો સંપુર્ણ લાભ લેનાર દિલેર દિલ દાતાશ્રીઓના.

- શ્રીમતી ધર્મિષ્ઠાબેન ભોગીલાલ પટેલ પરીવાર- વડોદરા.
- શ્રીમતી મંજુલાબેન મોહનલાલ દેઢીયા પરીવાર-ગઢશીશા.
- માતુશ્રી જેતબાઈ લીલાધર તલકશી નાગડા-કોટડા (રો) હસ્તે શ્રીમતી જેષ્ટાબેન લક્ષ્મીચંદ નાગડા, શ્રીમતી જયાબેન ભાવેશ નાગડા.
- માતુશ્રી હીરબાઈ કાનજી દેવરાજ સોની-લુણી હસ્તે શ્રીમતી કિરણબેન લક્ષ્મીચંદ સોની, શ્રીમતી ગીતાબેન ચંદ્રકાંત સોની.
- પ્રથમ અલ્પા વિશનજી કરમશી નાગડા-કોટડા (રો)
- પહેડીમાં પધારેલ સર્વે ભાવિકજનો, નિયાણી બહેનો સહકુટુંબ તથા અમારા આમંત્રણને માન આપી પધારેલ સર્વે મહેમાનોના..
- શ્રી કકડભટ્ટ સ્થાન, શ્રી માધાપર સ્થાન તથા શ્રી બિદડા ઓતરા જખ્ખદાદા સ્થાનના પધારેલ સર્વે પદાધિકારીઓ તથા કાર્યકરો તેમજ અન્ય સ્થાનથી પધારેલ સર્વે કાર્યકરોના.
- શુધ્ધ મંત્રોચ્ચાર સાથે દાદાની સ્થાપના સહ પુજન કરાવનાર શ્રી રમેશ મારાજ મોટી ખાખરના.
- પહેડીમાં પ્રસાદ મનભાવક ભોજનીયા પિરસનાર સિલ્વર કેટરર્સ (શ્રી તિલકભાઈ ગાલા) તથા સ્ટાફ સર્વેના.
- શરૂઆતથી પુર્ણાહુતિ સુધી દાદાની ભક્તિમાં સર્વેને તલ્લીન કરનાર સોનાલીબેન ગડા તથા સર્વે કલાકારોના.

વધુ વિગત માટે જુઓ બાજુની કોલમ

- દાદાના સ્થાનની તથા થઇ રહેલા કાર્યોનો વિવરણ કરી સમજણ આપી સંચાલન કરનાર તથા પત્રિકાની મેટરો તૈયાર કરનાર વસંત મારૂ-ચીયાસરના.
- સુંદર મંદિર તથા ડેકોરેશનની સજાવટ કરનાર શ્રી કિરણભાઈ વીરાના.
- સાધારણ ફંડ, જીવદયા, નિભાવ ફંડ અને રીપેરીંગ ખર્ચ માટેની ટહેલને વધાવી લઈ વરસી પડનાર સર્વે ઉદાર દિલ દાતાઓના.
- અને જેના થકી આ પહેડીમાં સુંદર વ્યવસ્થા અને કોઈને તકલીફ ન થાય એવી ગોઠવણ કરવા બદલ સર્વે કાર્યકર્તાઓના.
- પહેડી દરમ્યાન ક્યાં પણ ક્ષતિ કે તકલીફ થઈ હોય તો મિચ્છામી દુક્કડમ્.
- આપનો સાથ સહકાર હંમેશા મળતો રહ્યો છે અને સદાય મળતો રહેશે એ જ અપેક્ષા સહ...
- લિ. શ્રી લંકીવાળા યક્ષબૌંતેરા ભાવિક સંઘ (મુંબઈ) વતી શ્રી જયંતીલાલ ભવાનજી ભેદા-મોટી ખાખર.

4/1/1(37) -------- (B-20820)(4-1)

**MOKKSH - માટુંગા**

**લગ્નસરાની જ્વેલરીનું અદ્ભુત કલેક્શન**

અમારા કુશળ કારીગરો દ્વારા બનાવેલા સોનાના તથા સાચા હીરાના ડીઝાઈનર દાગીનાની અદ્ભુત શ્રેણી.

- ભાવ તથા પ્યોરીટીનો વિશ્વાસ અમારી પરંપરા.
- MOKKSH, એફ/૪, શ્રીરંગ બીલ્ડીંગ, ૩૫૧, ચંદાવરકર રોડ, રામવાડીની સામે, માટુંગા (સે.રે.), મું. ૧૯. મો. ૯૮૧૯૦૮૭૧૫૫, ૯૮૬૭૬૩૨૧૭૯.
- (સોમવારે શો રૂમ બંધ રહે છે)

4/1/1(8) -------- (B-20589)(4-2)

**'સોની કાનજી આણંદજી જ્વેલર્સ'**

**! રેપ્યુટેડ શોરૂમ : ૧૯૬૮ થી મુંબઈમાં!**

લગ્નસરાની ખરીદી માટે સોનાના અને સાચા હિરાના દાગીનામાં કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓનું બેનમૂન કલેકશન.

- સોની કાનજી આણંદજી જવેલર્સ (કચ્છ-ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડ. એસ્ટેડ, નાયગાંવ ક્રોસ રોડ, સહકાર નગરની સામે, વડાલા, મુંબઈ-૩૧ ફોન-41755500/ 24150572.

4/1/1(13) -------- (N-19831)(4-3)

**પ્લોટ વેંચવાના છે**

જૈન વસઈ તીર્થ-ભદ્રેશ્વર મુન્દ્રા-કચ્છ. +91 9925164204. Ritesh M. Hadia.

4/1/1(29) -------- (N-20796)(4-4)

**પાર્શ્વ જ્વેલરી-બોરીવલી શુભપ્રસંગની ખરીદી સમાજમાં એક માત્ર વિશ્વસનીય નામ**

તમારા બજેટને અનુરૂપ, પહેરવાથી બીલકુલ રીયલ લાગે તેવી બધી ટાઈપની જ્વેલરી, એકવાર આવીને ખાત્રી કરો ખુબ જ રીઝનેબલ ભાવ નાની મોટી ગીફ્ટ આપવા અને પ્રસંગોમાં પહેરવા માટે

- 'પાર્શ્વ જ્વેલરી' SHOP NO LG 62, અન્ડર ગ્રાઉન્ડમાં, મોક્ષ પ્લાઝા, સ્ટેશનની સામે જ બોરીવલી-વેસ્ટ. 9321656518 / 9867986018

2/1/1(11) -------- (B-20544)(4-5)

**દેશ વિદેશ કુરિયર ૨૪*૭**

કુરિયર ડિલીવરી in Mumbai, outside Mumbai and within India COD સર્વિસથી કરવા અનુજ સંગોઈ (નાંગલપુર) ને ફોન / Whats app કરો. Vacuum Packing Available. All India Free Pick Up Service PAC n DELIVER. M - 8879991866 anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(15) -------- (B-20795)(4-6)

**હેઝલ : ટ્રેકીંગ અને કેમ્પીંગ**

**ફક્ત ૧૫ થી ૩૦ વર્ષના યંગસ્ટર્સ માટે**

૩૦ વર્ષથી ટ્રેકીંગ અને કેમ્પીંગના અનુભવી નિષ્ણાંત, હેઝલ ટુર્સનાં પંકજ છેડાના માર્ગદર્શન હેઠળ ચાલો વિવિધ એડવેન્ચર પ્રોગ્રામ્સમાં.

- મનાલી-કસોલ-બીર બીલીંગ ૯ દિ. ૨૮ માર્ચ, ૭, ૧૧, ૧૭ એપ્રિલ, ૬ મે.
- કાશ્મીર : ટ્યુલીપ ફેસ્ટીવલ ૮ દિ. ૨૮ માર્ચ, ૭, ૧૧, ૧૭ એપ્રિલ, ૬ મે.
- ભદરવા-પટની ટોપ ૮ દિ. : ૩૧ માર્ચ, ૭ એપ્રિલ, ૬ મે.
- પહેલગામ-અરૂ કેમ્પીંગ ૮ દિ. ૧૭ એપ્રિલ, ૬ મે.
- આસામ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ ૧૨ દિ. : ૨૦ મે.
- લેહ-લદાખ રોડ ટ્રીપ (શ્રીનગર-લેહ મનાલી) ૧૧ દિ. ૨૫ મે, ૧-૨૦ જૂન, ૨૦ જુલાઈ, ૧૧ ઓગષ્ટ.
- કિન્નોર, સ્પીટી, ચંદ્રતાલ લેક જીપ સફારી ૧૧ દિ. ૧૫ જૂન, ૧ જુલાઈ, ૧૧ ઓગષ્ટ. ૧૦મી અને ૧૨મીના સ્ટુડન્ટસ માટે ખાસ ડીસ્કાઉન્ટ. વધુ વિગત માટે સંપર્ક : મીસ ભવ્યા ગાલા-મો. W. 9969697518 હેઝલ ટુર્સ.

4/1/1(10) -------- (B-20496)(4-7)

**સાચી જરી EXTRA ભાવથી લઈશું**

**મહાવીર-માટુંગા- મહાવીર**

જુના ઓરીજનલ ૬૦ થી ૭૦ વર્ષ જુના ઘરચોળા

- જુની ઓરીજનલ ૬૦ થી ૭૦ વર્ષ જુની સાડીઓ
- જુના કોટ- જરદોસી રાજા શાહી બ્લા.
- ડાયરેક્ટ કારીગર તરત જ ફાઈનલ
- સાચા સેલા વજનથી લઈશું. શ્રી મહાવીર એમ્બ્રોઈડરી HDFC ની બાજુમાં, ફુલગલ્લીની સામે, માટુંગા ટે. ૨૪૦૨૫૦૭૦ / ૮૬૫૨૨૩૯૫૩૭ સોમ બંધ.

2/1/1(5) -------- (B-20676)(4-8)

**પાનબાઈ તથા પન્નાભાભી સાસુ વહુની જોડી**

પુષ્પા : કોર ગાલ આય, બોય સસ વહુ બપોર જો થેલા ભરીને કદા સવારી વનેતી..?

- પાનબાઈ : કાર્તિકી પુનમ જો ગામ મેં વ્યાવા, ઓતે પાંજે જમાને જી અસલી સચ્ચી જરીજી સાડી, સચ્ચી જરીજા ચણીયા-ચોલી, સચ્ચી જરીજા ઘરચોળા તથા બોર્ડર, સચ્ચી જરી જા સેલા પેટોરે મેં પ્યાવા, હાણે ગામ મેં રખે મેં જોખમ આય અને મુંબઈ મેં રખેલા જગ્યા નાય, એટલે હનકે વેકીને રોકડી કેલા વનુતા.
- પુષ્પા : જુનો માલ વકેલા કદા વનેતા...?
- પાનબાઈ : તો કે ખબર આય...! પાંજી દુકાન મેં એટલે મહાવીર સારીઝ (સાંતાક્રુઝ -W)
- સચોટ વેલ્યુ - રોકડા પૈસા- તેરઈ ફાઈનલ
- બે કદા વનેજી જરૂર નાય, તો વટે પણ જુની સચ્ચી જરીજો ખજાનો વેત, તું પણ અસાં સાથે હલઈ હલ.
- પાનબાઈ : હેકડી વખત જરૂર મુલાકાત ગનજ ને તો જે સગે વહાલે કે પણ કોઠી વનજ.
- પુષ્પા : આંઉત આં ભેગી હલાતી પણ મુંજા જેઠાણી જી ઉમર વધુ આય અને હેની કે હલેજી બહુ તકલીફ આય...
- પાનબાઈ : તું જરા પણ ચંધા ન કર, તું ખાલી ફોન કર, તો જે ઘરે અચીને તોજી જેઠાણી જો જોનું માલ ગની વનધા ને રોકડા પૈસા દઈ વનધા.
- મહાવીર સારીઝ, મોદી ચાલ, Shop No.2, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (W) Opp. "SEASONS" શો રૂમ (SUNDAY CLOSED) M.: 9137146272 - 9619554801.

2/1/1(12) -------- (B-20481)(4-9)

**કચ્છમાં : જુવાર-મુંડનની આઈટમો આપના ઓર્ડર મુજબ બનાવી આપશું**

અમારે ત્યાં માતાજીના જુવારના લાડુ, તલપીંડા, ફીણીયા લાડુ, મોદક, ગોળ પાપડી, શીરો, લાપસી વિ. ચીરજુવાર/મુંડન માટે બનાવી આપશું. ઠે રાજેશ છેડા, નિરાંત સોસાયટી, (૧૫ બંગલા) રતાડીયા ગેટની સામે, ગુંદાલા-કચ્છ. મો. 9723066597.

4/1/1(18) -------- (B-20791)(4-10)

**'શ્રી MK કાચી ઘાણીનું શુધ્ધ સીંગતેલ'**

**! શુધ્ધતાનો વિશ્વાસ એક પરંપરા !**

કોઈપણ પ્રકારના કેમીકલ કે પ્રિઝરવેટીવ વગરનું શુધ્ધ તેલ.

- ભેળસેળ (Mixing) વાળા તેલથી બચો.
- સીંગ, સફેદતલ, કાળા તલ, કોપરેલ અને રાઈ. ફક્ત આ ૪ કુદરતી તેલીબીયાનું COLD PRESSED તેલ.
- તદ્દન પ્યોર દેશી ગાયના વલોણાનું ઘી મળશે.
- FREE HOME ડિલેવરી (મુંબઈ)
- સંપર્ક : K.K. Oil Trading Co. મણીલાલ લાપસીયા : 9819814714
- નીના કારાણી : 9322248444

2/1/1(16) -------- (B-20794)(4-11)

**કાનમાં ઓછું સંભળાય છે?**

**પણ અમારી પાસે તેનો ઉપાય છે**

વાયરવાળા, કાનની પાછળના ચાર્જિંગવાળા અને કાનની અંદર ન દેખાય તેવા મશીનો (Sound emplifier) રૂા. ૪૦૦૦ થી ૧૨૦૦૦ સુધીમાં ગેરંટી સાથે ઉપલબ્ધ છે. અમારા મશીનો રીપેયરીંગ પણ થાય છે. હોમ વીઝીટ ચાર્જ લઈ તમારા ઘરે મશીનનો ડેમો આપીશું. Cont - વિરેન ગાલા (9920644970) Santacruz (W)

2/1/1(22) -------- (B-20783)(4-12)

**ધી રીટેલ ગ્રેન ડીલર્સ કો-ઓપરેટીવ સોસાયટી લિમિટેડ**

**ન્યુ અનંત ભુવન, ૨૫૭-૨૬૫, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ- ૪૦૦ ૦૦૯. ૮૮૫૩૯૯૬૯૫૫ / ૨૩૭૫૬૩૬૪.**

**- ધી રીટેલ ગ્રેન સોસાયટીના શેર હોલ્ડર (સભ્ય) ભાઈ-બહેનો જોગ કે, તારીખ ૧૨-૧૨-૨૦૨૨થી ગીફ્ટનું વિતરણ શરૂ થઈ ગયેલ છે. આ વર્ષની બાસમતી ચોખા અને ગીરનાર ચહાની ગીફ્ટ હજી સુધી ન લીધી હોય તેમણે વહેલામાં વહેલો સોસાયટી ઓફીસમાં આવી પોતાની ગીફ્ટ મેળવી લેવી. સ્ટોક થોડો રહ્યો છે માટે આ ગીફ્ટની સ્કીમ તા. ૧૫-૦૨-૨૦૨૩ સુધી જ રહેશે. સોસાયટી ઓફીસમાં ફોટાવાળી વહેચણી બુક સાથે લાવવી, સોસાયટીની ઓફીસ સોમવારથી શુક્રવાર સમય બપોરે ૧૨ થી ૫ દરમ્યાન રહેશે. જે શેર હોલ્ડરોનું અવસાન થયું હોય તેમના બુકના વારસદારે નામ ટ્રાન્સફર કરાવી લેવું. એની વિગતવાર માટે સોસાયટી ઓફીસમાં ફોન કરી પુછી લેવું.**

**- થેલી સાથે લઈ આવવા વિનંતી.**

**- એજ લી. રમણીકલાલ જાદવજી છેડા-મેને. ડાયરેક્ટર, હસમુખ ભવાનજી ગાલા- પ્રમુખ, વિપુલ વિરચંદ વિસરીયા- ઉપપ્રમુખ, તથા સર્વે ડાયરેક્ટર ભાઈ-બહેનો.**

4/1/1(2) -------- (A-20782)(4-13)

|| જય સીમંધર સ્વામી || || જય મહાવીર સ્વામી || || જય અજરામર ગુરૂ ||



દાદાગુરૂ આચાર્ય સમ્રાટ
શ્રી અજરામરસ્વામીની કૃપા
વરસી રહો...વરસી રહો...

અધ્યાત્મયોગી, ગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી ભાવચંદ્રજી સ્વામીને
ભાવવંદના હો...



# શ્રી ભોરારા સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ





ધર્મપ્રિય સુશ્રાવક-સુશ્રાવિકાઓ અતિ હર્ષ સાથે જણાવવાનું કે...!

સ્થાનિકે આપણા શ્રીસંઘના મોટા ઉપાશ્રયના હોલમાં શ્રી સંઘ દ્વારા એક સુંદર આગમદર્શન, એક સુંદર ગ્રેનાઈટની તકતીમાં ઉવસગ્ગહરં સ્તોત્ર અને બીજી સુંદર ગ્રેનાઈટની તકતીમાં અજરામર ગુરૂગાદી સાથે અજરામર સ્વામીના સંક્ષિપ્ત જીવન ચરિત્રને અલંકૃત કરવાનો કાર્ય પુર જોશમાં ચાલુ છે, તે માટેના લાભાર્થી દાતાશ્રીની વહેતી ઓફર શ્રી સંઘ દ્વારા જાહેરાતોના માધ્યમથી મુકવામાં આવેલ હતી. જેના અનુસંધાને ચડતી ઓફરનો તા.૨૨/૦૧/૨૦૨૩ની શ્રી સંઘની જનરલ સભામાં ફાઈનલ આદેશ આપેલ, તે મુજબ નીચેના લાભાર્થી સાધર્મિક પરિવારોના નામ જાહેર કરવામાં આવે છે.

## શ્રી આગમ ગ્રંથ દર્શનના સૌજન્ય દાતાશ્રી




**ધર્મપ્રિય સુશ્રાવિકા માતુશ્રી રતનબેન રામજી મુરજી સોની**
હ. પુત્ર-પુત્રવધુ: અ.સૌ.ગીતા અને વિજયના
લગ્ન રજત જયંતિ (તા.૦૧/૦૫/૨૦૨૩) નિમિત્તે
પૌત્ર: ચિ. રિતિક, પૌત્રી : ચિ. ખુશી (ભોરારા-અંધેરી)



*આ આગમ છે આત્માની આધ્યાત્મિક મશાલ જેમા જ્ઞાન ભર્યુ છે, જે જીવનને વિમલ અને વિશાલ બનાવે છે.*
*જે આરાધક તત્વજ્ઞાનથી રસાલ જ્ઞાન જીવનમાં વણે, તે બની જાય ન્યાલ ...*

## શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર તકતીના સૌજન્ય દાતાશ્રી



**ધર્મપ્રિય સુશ્રાવિકા માતુશ્રી ઈંદિરાબેન કેશવજી જેઠાલાલ ખીમસીચા**
હ. પુત્ર-પુત્રવધુ: અ.સૌ.નેહલ પંકજ ખીમસીચા
પૌત્ર: ચિ. પાર્થ (ભોરારા-વાશી).



*આ ઉવસગ્ગહરં છે ભદ્રબાહુ સ્વામી દ્વારા રચેલો પાર્શ્વપ્રભુની ભકિત-ગુણગાન કરાવતો સ્તોત્ર...*
*શ્રદ્ધાથી જે ૨૭ વાર એનો નિયમીત સ્મરણ કરે તેના દુ:ખ-વેદનાને અધિષ્ટાયક દેવી-દેવતાઓ અપાવે આંતરીક આરામ*

## શ્રી અજરામર ગુરૂગાદી તકતીના સૌજન્ય દાતાશ્રી



**ધર્મપ્રિય સુશ્રાવિકા માતુશ્રી મેઘબાઈ મગનલાલ કાનજી દેઢિયા પરિવાર**
હ. પુત્ર-પુત્રવધુ: અ.સૌ. મંજુલા સુરેશ, પૌત્ર-પૌત્ર વધુ: અ.સૌ. મીનલ જીગર (ભોરારા-દહીંસર)
પૌત્રી: સ્વ. સ્નેહા, પૌત્રી-પૌત્રીવર: અ.સૌ. રીધ્ધી મેહુલ સાવલા, પર દોહીત્ર: ચિ. ખીલય (નાની તુંબડી)



*લીંબડી મુકામે છે ગુરૂગાદીનો ધામ (સંપ્રદાયનું વડું મથક) જેના પર સાતમા પટ્ટધર તરીકે બિરાજિત થયા શ્રી અજરામર ગુરૂ*
*અજરામર ગુરૂગાદી છે લાખો ભાવિકો માટેનો આસ્થા-ભકિતનો પ્રતિક જેના સ્મરણ થકી મળે શાંતિ-સમાધિ-મનનું સમાધાન...*

(CLB-20817)

**ઉપરોક્ત લાભાર્થી દાતાશ્રી પરિવારોની ભુરી ભુરી અનુમોદના... ખુબ ખુબ ધન્યવાદ...**
વહેતી ઓફર દરમ્યાન બોલી બોલનાર સહુ લાભાર્થીઓનો તથા સાથ-સહકાર આપનાર સહુનો ખુબ ખુબ આભાર...

આપણા સહુના અહોભાગ્યે ગામની દિકરીઓ પ.પૂ.શ્રી ગીતાકુમારી આર્યાજી અને પ.પૂ. શ્રી વર્ષાકુમારી આર્યાજી આદી ઠાણા-૬ તા.૨૭/૦૪/૨૦૨૩ થી શેષકાળ અર્થે માદરે વતન ભોરારામાં પધારશે. તેજ દિવસે તેમને પ્રવેશ બાદ ઉપરોક્ત આગમ દર્શન અને બન્ને તકતીઓનો અનાવરણ શ્રી સંઘના ધર્મસ્થાનકમાં કરવામાં અવશે. આ શુભ પ્રસંગે સહુ ભોરારાવાસીઓ તથા નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ આપીયે છીએ.

**શ્રી ભોરારા સ્થાનકવાસી છ કોટી જૈન સંઘ વતિ ટ્રસ્ટીગણ, અધિકારી ગણ, કારોબારી સભ્યો**

SONI GRAPHICS 9653103959

# જીવદયા અનુદાન

**શ્રી રતાડીયા (ગ.) ગૌશાળા પાંજરાપોળ**
**૨૧૩ નરશી નાથા સ્ટ્રીટ ૯૮૨૦૪૪૫૭૫૭**

ગૌ સેવા પરમ કામ છે એના ચરણોમાં ચારો ધામ છે. દાતાશ્રી મણીબેન વીરજી પુનશી વોરા (રતાડીયા ગ.-બોરીવલી-વે.) તરફથી પુણ્યશ્લોકી પુણ્યાર્થીઓની પુણ્યતિથિ નિમિત્તે જીવદયામાં નીચે મુજબ (રૂા. ૩૩૦૩) અનુદાન મળેલ છે. ૨૦૦૦/- સ્વ. વીરજી પુનશી વોરા, ૫૦૦/- માતુશ્રી કુંવરબાઇ પુનશી વોરા, ૫૦૦/- પિતાશ્રી પુનશી વીરપાર વોરા, ૩૦૩/- વાછરડાને દુધ, ૨૫૦૦/- શ્રી નેમજીભાઇ નાનજી સાવલાના સ્મરણાર્થે હ. શ્રી રાજેશ નેમજી સાવલા (રતાડીયા ગ), ૧૧૦૦/- જય માતાજી (રતાડીયા ગ.), ૧૧૦૦/- માતુશ્રી મણીબેન મગનલાલ છેડા હ. ચી. સાગર રશ્મીન છેડા (રતાડીયા ગ.), ૫૫૧/- અ.સૌ. બીજલ હેમંત છેડાના જન્મ દિવસ નિમિત્તે (નાના ભાડીયા), ૫૫૧/- અ.સૌ. અમીતા પરેશ સાવલાના જન્મદિવસ નિમિત્તે (વાંકી), ૫૦૧/- શ્રી વશનજી કરમશી છેડા (મોખા), ૫૦૦/- શ્રી સુરેશ ટોકરશી છેડા (નાગલપુર) સંસ્થા દાતાઓનો આભાર માને છે. લિ. મંત્રીઓ. સૌ. દેઢીયા જ્વેલર્સ, માટુંગા (સે.રે.)

4/1/1(1) --------- (A-20777)(6-1)

**શ્રી કારાઘોઘા કરૂણા – જીવદયા પ્રેમી – બિદડા ના હેમકુંવરબેન લક્ષ્મીચંદ છેડા**

ના પૌત્ર અને અ.સૌ. નીતાબેન અનુપભાઈ લક્ષ્મીચંદ કુંવરજી છેડા ના સુપુત્ર ચિ. ધર્મિલ અને કારાઘોઘા ના અ.સૌ. રૂપાલીબેન પ્રકાશભાઈ અમૃતલાલ વીરા ની સુપુત્રી ચિ. આયુષી સાથે (૩૦/૧/૨૩) લગ્નગ્રંથિ થી જોડાયાની ખુશાલીમાં ગામ બિદડા ના અ.સૌ. નીતાબેન અનુપભાઈ છેડા તરફથી રૂ.૧૫૦૦૦/- અબોલ જીવોને નીરણ, ચણ, રોટલાનું અનુદાન સહપુણ્યનું ભાથું અર્પણ કરનાર દાતાશ્રી ની ખુબ ખુબ અનુમોદના, ધન્યવાદ સહ આભાર. મુંગા અબોલા પશુઓની આંતરડી ઠારીને આપે પુણ્યનુંબંધી પુણ્ય ઉપાર્જન કર્યું છે. મુક જીવોના આશીર્વાદથી નવદંપતી ચિ. ધર્મિલ અને ચિ. આયુષી નું જીવન સદાય સુખમય, શાંતિમય, તંદુરસ્ત, દીર્ઘાયુ અને ધર્મમયી બની રહે એજ શુભેચ્છાઓ. લિઃ શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન વતી મંત્રીઓ – શ્રી દિનેશ કાનજી દેઢિયા અને શ્રી અનિલ હેમરાજ શેઠિયા. (સૌજન્યઃ લા ઈટાલિયા માર્બલ – વિક્રોલી).

4/1/1(19) --------- (A-20789)(6-2)

**શ્રી કચ્છ બિદડા વિ.ઓ. જૈન મહાજન સંચાલિત શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

૫૦૦૦ શ્રી કચ્છ આઠ કોટી મોટી પક્ષના પૂ.આ. પૂનમચંદ્રજીના શિષ્ય પૂ. ગુરૂદેવ જીતેન્દ્ર મુનિ મ.સા.ની ૫૨મી દિક્ષા જયંતિ ૨૬ જાન્યુ.ના નવનીત નગર-ડોંબીવલીમાં ભારે ઉલ્લાસપૂર્વક ઉજવાઈ તે પ્રસંગે જીવદયા અનુદાનની ટહેલ નાખવામાં આવેલ તે અનુદાનમાં મળેલ રકમમાંથી મળેલ અનુદાન.

- ૫૦૦૦ – ગામ બિદડા-બોરીવલીના શ્રી જયંતીલાલ પ્રેમજી ફુરીયાની પૌત્રી કલ્પેશ જયંતીલાલની સુપુત્રી ચિ. રીયાના જન્મ દિવસની ખુશાલીમાં.
- ૫૦૦૦ – આઈ શ્રી હીંગળાજ માતાજી ભાવિક મિત્ર મંડળ-ડોંબીવલી.
- ૫૦૦૦ – શ્રી મુકેશ જેઠાલાલ સાવલા-બિદડા-ગોરેગામના જન્મ દિવસની ખુશાલીમાં, ૩૦૦૦- શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ ઘાટકોપર (ઈ.) ૨૦૦૦-શ્રી કીરીટ આણંદજી વોરા-બિદડા-માટુંગા.
- સંપર્ક : ખુશાલ વીરા : ૯૩૨૩૯૧૪૩૦૧ (ઓફિસ) પ્રફુલ ગોગરી-૮૧૦૪૭૩૪૬૫૫.

4/1/1(31) --------- (A-20807)(6-3)

**શ્રી કચ્છ બિદડા વિ.ઓ.જૈન મહાજન સંચાલિત**
**શ્રી બિદડા પાંજરાપોળ અને ગૌશાળા**

**૧૧૦૦૦ રૂા. અગીયાર હજાર ગામ : મેરાઉ (સાંતાક્રુઝ) ના શ્રી મેઘજી લખમશી ફુરીયાની ૫-૨-૨૩ની પુણ્યતિથિ નિમિત્તે ૧ ગાય દત્તક હ. ઉર્મીલાબેન મેઘજી. ઉર્મીલાબેન ગામ બિદડાના હીરબાઇ માલશી મારૂના સુપુત્રી થાય. (ગામના નીયાણી બેન) સદ્‌ગતશ્રીનો આત્મા શીઘ્રાતિશીઘ્ર મોક્ષ ગતિ પ્રાપ્ત કરે એ જ પ્રભુને પ્રાર્થના. પ્રદિપ ફુરીયા-૯૮૨૦૦૨૯૫૮૭, કાંતીલાલ ફુરીયા-૭૯૭૭૪૫૯૫૭૫.**

4/1/1(4) --------- (A-20808)(6-4)

**શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ, કચ્છ-માંડવી (પ્રેરક : મુનીશ્રી શુભ વિજયજી)**

૧૦૦૧/- દોશી જશવંત પ્રેમચંદ-ઝિંઝુવાડા, ૧૦૦૧/- રતનબેન સેવંતીલાલ વીરા-ઝિંઝુવાડા, ૧૦૦૧/- દોશી બીનાબેન અશોકકુમાર-ઝિંઝુવાડા, ૧૦૦૧/- સ્વ. અનિલાબેન અરવિંદભાઈ મોરબીયા-ભુજ, ૧૦૦૦/- સંતકૃપા ટ્રાવેલ્સ-બોટાદ, ૧૧૦૦/- હીરબાઈ દેવરાજ નાગડા-ડોંબીવલી, ૧૧૧૧/- નિલેશકુમાર શામજી એન્ડ કાું. કોટડા રોહા. દાતાઓનો આભાર. લિ. પ્રમુખશ્રી, મંત્રીઓ. ટે. ૯૦૦૪૬૪૬૦૪૪, ૨૪૭૧૨૮૩૫, ૨૪૧૧૧૧૦૫.

4/1/1(33) --------- (A-20824)(6-5)

**દેવલાલી**

લાલગૃહ રોડ, શ્રી શાંતીનાથજી દેરાસર, પ્રીન્સ ભોજનશાળાની બાજુમાં એક/બે/ત્રણ બેડરૂમના ફ્લેટો બે/ત્રણ બેડરૂમના બંગલા વાર્ષિક ધોરણે ભાડેથી જોઈએ છે. ૨૦ ગુન્ટાનો N.A. પ્લોટ લોંગ લીઝથી આપવો છે. લેવા/વેચવા/ભાડેથી પરેશ રાયચંદ ધરમશી (સુથરી) મહારેરા રજીસ્ટર બ્રોકર. 9930803959, 9930106054.

4/1/1(9) --------- (N-20569)(6-6)

**Smart બનો, Excel શીખીને સમય બચાવો**

શું તમે Microsoft Excel પર દિવસના ૫-૬ કલાક વિતાવો છો? તો શીખો Excel Corporate Level પર અને કરો ૫ કલાકનું કામ માત્ર ૨ કલાકમાં, વધુ વિગત માટે આજે જ કોલ કરો. 7400478036 - વિમલ ગોસર, Corporate Trainer.

2/1/1(7) --------- (B-20652)(6-7)

**લેહ લદાખ / કાશ્મીર - હરિયા ટ્રાવેલ્સ**
**મે. ઓક્ટોબર કન્ફર્મ ડીપાર્ચર**

**દિ. ૭ રૂા. ૨૭૫૦૦/- PP લેહ, નુબ્રાવલી, પેંગોગ લેક, લામાયુરુ દિ. ૮ રૂા. ૩૫૦૦૦/- PP શ્રીનગર, કારગીલ, લામાયુરુ, લેહ, નુબ્રાવેલી, પેંગોગ લેક.**

- **કાશ્મીર દિ. ૭ રૂા. ૨૫૦૦૦/- PP, દિ. ૮ રૂા. ૩૦૦૦૦/- PP**
- **રાજસ્થાની મહારાજ દ્વારા બનાવેલ બધા જ ભોજન, ભરપૂર સાઈટસીન, ટેમ્પો ટ્રાવેલર દ્વારા પ્રવાસ, પ્રાઈમ લોકેશન પર હોટેલ્સમાં મુકામ. સંપર્ક : હરીયા ટ્રાવેલ્સ મો.: 9004887639**

4/1/1(1) --------- (B-20492)(6-8)

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

**તા. ૫ ફેબ્રુઆરી- સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

સ્વ. શ્રી કાકુભાઈ કરમશી સતરા (ગુંદાલા)ના સ્મરણાર્થે એક શુભેચ્છક તરફથી.

- સ્વ. શ્રી રમેશચંદ્ર લાલજી સાવલા (પ્રાગપુર)ની પુણ્યતિથિ નિમિત્તે શાહ લાલજી લખમશી સાવલા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી.
- સ્વ. શ્રી જયેશ તલકશી ગોગરી (કોડાય)ના સ્મરણાર્થે મળેલ અનુદાન.
- ચિ. અમીષી રીટા તરૂણ આણંદજી વોરા (પત્રી- સાયન) અને ચિ. નિરવ વીણા ગીરીશ દામજી કારાણી (નારાણપુર-મુલુંડ)નાં લગ્નપ્રસંગે અ.સૌ. સાકરબેન દામજી લાલજી ગાલા (વડાલા-સિક્કાનગર) તરફથી.
- સ્વ. પ્રીતી ડો. પ્રફુલ દામજી ગડા (રાયધણજર) ની લગ્નતિથિ નિમિત્તે સ્વ. પ્રેમીલા દામજી ભાણજી ગડા તરફથી.
- શ્રી તાડદેવ કચ્છી વીશા ઓસવાળ જૈન સંઘ તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વી.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈપણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ 80-G બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

2/1/1(4) --------- (A-20757)(6-9)

**શીતલ-ઈન્ટીરીયર**

Residence & Commercial સીવીલ, ફર્નિચર, મોડ્યુલર કીચન, સ્લાઈડીંગ કલર, વાયરીંગ, પ્લમ્બીંગ, જુની બિલ્ડીંગનું રીનોવેશન આ બધુ કામ રીજનેબલ ભાવ અને સુપર ક્વોલીટી સાથે કરી આપવામાં આવશે. સંપર્ક મણીલાલ વેરશી છેડા-ગોધરા-8689945571, નિરવ શાંતીલાલ ગાલા-બાડા-9833526757, 9653454180. manilalvershichheda@gmail.com niravsgala@gmail.com

4/1/1(3) --------- (B-20751)(6-10)

**શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન ટ્રસ્ટ-અગામી વર્ષો માટે કમિટીની નિમણૂક બાબત**

**શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન ટ્રસ્ટની કાર્યવાહક સમિતિ તેમજ ટ્રસ્ટીઓનું કાર્યકાલ તા. ૩૧/૦૩/૨૦૨૩ ના પૂર્ણ થાય છે. તેથી હવે નવી કાર્યવાહક કમીટી આગળના ૨ વર્ષ માટે (તા. ૦૧/૦૪/૨૦૨૩ થી તા. ૩૧/૦૩/૨૦૨૫) અને ટ્રસ્ટીઓ આગળના ૪ વર્ષ માટે (૧/૪/૨૩ થી ૩૧/૩/૨૭) માટે જેને પણ ઉમેદવારી નોંધાવવી હોય તો તેમણે પોતાની લેખિત અરજી શ્રી સુરેન્દ્ર શેઠિયા ને ૯૮૨૦૦ ૯૯૩૬૪ વોટ્સએપ પર અથવા ઈ-મેઈલ shethias142@gmail.com પર તા. ૨૨/૨/૨૩ સુધી મોકલવા નમ્ર વિનંતી. તા. ૨૨/૦૨/૨૦૨૩ પછી અરજી સ્વીકારવામાં નહીં આવે. અને અરજી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૨૮/૨/૨૩ સુધી રહેશે. લી. શ્રી કારાઘોઘા મુંબઈ મહાજન વતી મંત્રીઓ શ્રી દિનેશ કાનજી દેઢિયા અને શ્રી અનિલ હેમરાજ શેઠિયા. (સૌજન્યઃ- લા ઈટાલીયા માર્બલ - વિક્રોલી).**

4/1/1(3) --------- (A-20790)(6-11)

# શૈક્ષણિક

**જન્મદિવસના હાર્દિક વધામણા**
**સોનગઢ રત્નાશ્રમ**

જૈન ધર્મમાં દાનનો મહિમાં અનેક રીતે ગવાયો છે. તેમાં પણ સોનગઢ રત્નાશ્રમને અપાતું દાન એ તો સાધાર્મિક ભક્તિનો એક પ્રકાર છે. આજે જ્યારે ઠેર ઠેર શિક્ષણની હાટડીઓ ખુલી ગઈ છે. આર્થિક સર્વેક્ષણમાં પણ શિક્ષણને લગતો વ્યવસાય કસદાર બતાવવામાં આવે છે. ત્યારે સોનગઢ રત્નાશ્રમ જૈન સમાજના ૪૯૬ જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ આપીને એક પરબડીનું કામ કરે છે. ગામ ભોજાયના માતુશ્રી પાનબાઈ હરશી નાગડાના સુપુત્ર ભૂ.વિ. શ્રી મુલચંદ હરશી નાગડાના તા. ૫-૨-૨૦૨૩ના રોજ જન્મદિવસ ની ખુશાલી પ્રસંગે શ્રીમતી સુનીતા મુલચંદ નાગડા, સુપુત્ર શ્રી હર્ષ મુલચંદ નાગડા અને ગામ નાના આસંબીયા - વાશીના શ્રીમતી રૂચિતા હીતેશ ગાલાએ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/-નું અનુદાન આપેલ છે. રત્નાશ્રમ પરિવાર શ્રી મુલચંદભાઈને જન્મદિવસની અઢળક શુભેચ્છા પાઠવે છે. લિ. સંજય જે. ગાલા- ભૂ.વિ. મંડળ સભ્ય-પ્રતાપુર : ૮૧૦૮૪૯૮૮૧૮.

2/1/1(24) --------- (A-20801)(6-12)

**શ્રી કચ્છી જૈન મંડળ - ચેમ્બુર**
**છાડવા બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-૩**

**શ્રી કચ્છી જૈન મંડળ ચેમ્બુર દ્વારા તા. ૫ માર્ચ ૨૦૨૩, રવિવારે 'છાડવા બોક્ષ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન-૩નું આચાર્ય ટર્ફ, ચેમ્બુરમાં આયોજન થયેલ છે.**

- **ચેમ્બુરના ૧૪ થી ૬૫ વર્ષના કચ્છી ભાઈ-બહેનો-યુવાનો આ બોક્ષ ક્રિકેટમાં રજીસ્ટ્રેશન કરાવી શકશે.**
- **રજીસ્ટ્રેશન માટેની અંતિમ તા. ૭-૨-૨૩, મંગળવાર સુધી જ છે.**
- **ચેમ્બુરના વોટસએપ ગ્રુપ દ્વારા રજીસ્ટ્રેશન લીંક મોકલાવેલ છે.**
- **વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી.**
- **વિસ્તૃત માહીતી માટે સં. મનીષ છાડવા-૯૦૮૨૧૩૯૯૨૩, રૂપા ગડા-૯૮૯૨૯૬૯૩૩૬. લિ. મંત્રીઓ.**

4/1/1(5) --------- (A-60826)(6-13)

**Free Hairstyle Course (ફ્રી હેયરસ્ટાઈલ કોર્સ)**

રૂા. ૫૦,૦૦૦માં એક મહીનાનું પુર્ણ બ્રાઈડલ હેયર સ્ટાઈલ કોર્સ કરો Totally ફ્રી. રજીસ્ટર કરાવવું જરૂરી. (રજીસ્ટ્રેશન ફક્ત રૂા. ૧૦૦૦ માં) કોર્સ ઓનલાઈન થશે Instagram app પર. ઓફલાઈન કોર્સમાં ૫૦% ઓફ. હમણાં જ વોટસએપ કરો 9773354947 (અંકિતા ગોસર-મુલુંડ) પર. Insta : bridalmakeoverbyankitagosar.

4/1/1(6) --------- (B-20648)(6-14)

**મુંબઈના મધ્ય માટુંગા (સે.રે.) માં ફ્લેટ**

માટુંગા (ઈસ્ટ), દેરાસર, શિશુવન સ્કુલ, ડોન બોસ્કો અને ફાઈવ ગાર્ડનની બાજુમાં.

- 3 BHK wiht deck 4.99 cr
- 2 BHK 3.35 cr
- 4 BHK with deck 7.85 cr
- Shop 3.50 cr
- સં. અંકિત ગાલા-9820752528, 9820152528.

4/1/1(36) --------- (B-20821)(6-15)

॥ અચિંત્ય ચિંતામણી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

અવની પર આનંદ લોકનું અવતરણ...
પાંપણના પ્રદેશમાં પ્રભુજીનું પ્રગટીકરણ...



**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધક મંડળ-ચેમ્બુર**

ના ઉપક્રમે

## પુરષાદાનીય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના ધામમાં

# સમૂહ અઠ્ઠમ તપની આરાધના

અનહદ અપાર વરસે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ...
તુજ ધોધમાર કરુણા વરસે ચોમેર ધાર વરસે...

દિવ્ય કૃપાવર્ષા : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
આશિષ વર્ષા : સૌમ્યસ્વભાવી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**કલ્યાણકારી નિશ્રા**



કલ્યાણકારી સાનિધ્યવર્ષા : ૨૨માં વર્ષીતપના તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.
સુખકારી સાનિધ્યવર્ષા : પૂ. જગત નિરંજન પરિવારના પ્રવર્તિની પ્રવરા પ.પૂ. અરૂણોદયશ્રીજી મ.સા. ના આજીવન ચરણોપાસિકા પ.પૂ.સા. શ્રી હીરણ્યગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી સંવેગગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી યશોગુણાશ્રીજી મ.સા. આદિ પ.પૂ.સા. શ્રી વિપુલગુણાશ્રી મ.સા. ના પરીવારના પ.પૂ.સા. શ્રી મૌનગુણાશ્રી મ.સા. ના શિષ્યા પ.પૂ.સા. શ્રી કનકગુણાશ્રી મ.સા. આદિ શ્રમણીવૃંદ

## અઠ્ઠમ તપ કાર્યક્રમ


| | | |
|---|---|---|
| રવિવાર, તા. ૧૨-૨-૨૩, | રાત્રે ૮.૦૦ ક. | પ્રયાણ |
| સોમવાર, તા. ૧૩-૨-૨૩, | બપોરે ૩.૩૦ ક. | અતર પારણા |
| | રાત્રે ૮.૩૦ ક. | રાત્રી ભાવના - શ્રી શંખેશ્વર કા નાથ હૈ હમારા તુમ્હારા |
| મંગળવાર, તા. ૧૪-૨-૨૩ | સવારે ૯.૩૦ ક. | શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન |
| | રાત્રે ૮.૦૦ ક. | રાત્રી ભાવના -ભક્તિના સથવારે મુક્તિનાં દ્વારે |
| બુધવાર, તા. ૧૫-૨-૨૩ | સવારે ૯.૩૦ ક. | શ્રી વર્ધમાન શક્રસ્તવ મહા અભિષેક |
| | રાત્રે ૮.૦૦ ક. | રાત્રી ભાવના - પ્રભુ તું છવાયો નયન પર, મન પર, મનન પર અને વચન પર |
| ગુરૂવાર, તા. ૧૬-૨-૨૩, | સવારે ૯.૩૦ ક. | પંચ કલ્યાણક વંદના |
| | રાત્રે ૮.૦૦ ક. | શ્રી શંખેશ્વર પ્રભુની ભવ્યાતિભવ્ય અંગરચના, ભક્તિ ભાવના (મુખ્ય જિનાલયમાં) |
| શુક્રવાર, તા. ૧૭-૨-૨૩, | સવારે ૮.૦૦ ક. | સામુહિક પારણા ત્યાર બાદ તપસ્વીઓની સમૂહ સાંજી અને બહુમાન |
| શનિવાર, તા. ૧૮-૨-૨૩, | સવારે ૮.૧૫ ક. | મુંબઈ પહોંચ |

દરેક અનુષ્ઠાન, પૂજન, ભક્તિભાવના માટે વિધિકાર શ્રી વિરલભાઈ છેડા ટીમ સાથે પધારશે.

**શુભ આશિષ**



શ્રી મોરારજીભાઈ જેવત ગાલા





માતુશ્રી રાજબાઈ જેવત વરજાંગ ગાલા

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદા અમને મળે...
અમારા મનના મનોરથ સવિ ફળે...

**સામુહિક અઠ્ઠમતપના પુણ્યવંત લાભાર્થી પરિવાર**

(CLC-20841)



BINITA S. MARU - 9869034162

**આપને આવકારવા ઉત્સુક : માતુશ્રી દમયંતીબેન મોરારજી ગાલા પરિવાર (મકડા-ચેમ્બુર)**

કેતકી સંજય, નીલમ અમીત, મનીષા આશિષ, સ્નેહલ હર્ષ ગાલા (દેવપુર), યશ અમીત, શ્રેયા આશિષ

!! શ્રી મહાવીરાય નમ : !!

ગચ્છાધિપતિ આ. પૂ. દેવજીસ્વામીની ગાદી અમર તપો

વર્તમાન આ. ભોળિયાભગવાન બા.બ્ર. પૂ. ભાઈચંદજી મ.સા. ને વંદન

## "શ્રી વિનયેન્દુ સ્થા. જૈન આરાધના ભુવન"

ચારકોપ કાંદીવલી (વેસ્ટ) Mo. 85915 26339



## સિધ્ધહસ્ત ડૉ. વૈશાલ કેનીયા નો હ્રદય પૂર્વક આભાર



પૂ. ભાતૃચાર્ય શિષ્ય નિડર અને સ્પષ્ટ વકતા પૂ. વિમલમુનિ મ.સા.ની બંને આંખોના મોતીબિન્દુ ના ઓપરેશન સિધ્ધહસ્ત ડૉ. વૈશાલ કેનીયા ના શુભ હસ્તે સફળતા પૂર્વક થઈ ગયેલ છે. પૂ. ગુરૂદેવ સુખરૂપ બિરાજી રહ્યા છે.

સિધ્ધહસ્ત ડૉ. વૈશાલ કેનીયા તથા કેનીયા આય હૉસ્પીટલના સેવાનિષ્ઠ પ્રેમાળ સ્ટાફનો તથા ચારકોપ અને ભોળીયા ભગવાનનું નામ પડે કે તરત ખડેપગે તૈયાર એવા સેવાના ભેખધારી શ્રી વસંતભાઈ ગલિયાનો શ્રી વિનયેન્દુ સંઘ હ્રદય પૂર્વક આભાર માને છે.

!! સો સો સલામ હો, અંતર સે અભિનંદન હો
વંદન બાર બાર હો, આપ બે મિશાલ હો !!

લી. શ્રી વિનયેન્દુ સંઘ ચારકોપ - કાંદીવલી
ટ્રસ્ટી મંડળ ના જય જીનેન્દ્ર

(CLB-20570)

180th Branch at Mumbai Central

RAJ COMPUTERS ACADEMY

રવિવાર ૫ ફેબ્રુઆરી ૨૦૨૩
સવારે ૧૦.૩૦ વાગ્યાથી

## રાજ કોમ્પ્યુટર્સ એકેડમી આપ સૌને આમંત્રિત કરે છે મુંબઈ સેન્ટ્રલ શાખા ના ઉદ્‌ઘાટન પ્રસંગે

53 -59, Javeri Villa, Shop No 2, Dr. D. B. Marg,
Opposite Reliance Super, Mumbai Central, Mumbai 400008
**Ph.:93237 03179**

**Chief Guest**
Dr. Rajesh U. Chheda
C.A., C.P.A. (U.S.A.), Ph.D.
Chairman - Raj Software Technology (India) Ltd.

*With Best Compliments From:*
Team | Neeta Kamlesh Dharod & Family

(Kindly consider this as a personal invitation)

(CLD-20784)

### કચ્છ-વાગડમાં ઘરસામાન મોકલવા માટે

કચ્છ- વાગડના રાપર, ભચાઉ, ભુજ, ગાંધીધામ, મુન્દ્રા, માંડવી તથા અબડાસા અને ગુજરાતના કોઈપણ ગામમાં ઘરસામાન મોકલવા માટે ડોર-ટુ-ડોર ડિલીવરી સર્વિસ મળશે. સામાન અહીંયા તમારા ઘરેથી લઈ જઈને દેશમાં તમારા ઘર સુધી ખાત્રી પૂર્વક વ્યવસ્થિત પહોંચાડી આપશું.

- નંદુ ટ્રાન્સપોર્ટ સર્વિસ # 9833143286 / 9224106345 / 9322260142 / 9537809379 શ્રી બેચરભાઈ જીવરાજ નંદુ - રાજેશ નંદુ (નું. ત્રંબૌવાળા)
- ખા.નો. કચ્છ-વાગડથી મુંબઈ રીટર્ન સર્વિસ પણ મળશે અને મુંબઈથી દેવલાલી તથા દેવલાલીથી મુંબઈ રીટર્ન તથા દેશમાં સામાન લઈ જવાની સર્વિસ પણ મળશે. (બુકીંગ સમય : સવારના ૧૦.૩૦થી રાતના ૧૦.૩૦ સુધી).

2/1/1(30) --------- (B-20805)(8-1)

### અંધેરી (ઈ.) એકદમ લેવીસ ૩ બેડ લેવીસ ફર્નીશ્ડ નવામાં રેડી અન્ય લેવા-વેંચવા

